મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ► મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ ખાનપુર, અમદાવાદ-૧ ► R.N.I. Reg. No. 1562/57/RE

## સૌ પ્રથમવાર જૈન સંત રત્નસુંદરજી પદ્મ ભૂષણથી સન્માનિત

# પવાર, મુરલી મનોહર જોશી, વિરાટ કોહલી સહિત ૮૯ને પદ્મ પુરસ્કારો

(પીટીઆઈ) નવી દિલ્હી, તા. ૨૫

પ્રજાસત્તાક પર્વ પહેલાં રાષ્ટ્રપતિએ ૨૦૧૭ના વર્ષ માટે પદ્મ પુરસ્કારો મેળવનારા મહાનુભાવોના નામ જાહેર કર્યા હતા. સાત મહાનુભાવોને પદ્મ વિભૂષણ, સાતને પદ્મ ભૂષણ અને ૭૫ને પદ્મશ્રી આપવાની જાહેરાત થઈ છે. ગુજરાતના સાત મહાનુભાવોને વિવિધ ક્ષેત્રમાં નોંધપાત્ર પ્રદાન બદલ પદ્મ પુરસ્કારો એનાયત થશે.

## વિભિન્ન ક્ષેત્રના સાત મહાનુભાવોને પદ્મ વિભૂષણ, સાતને પદ્મ ભૂષણ અને ૭૫ મહાનુભાવોને પદ્મશ્રી એનાયત કરવાની જાહેરાત

પદ્મ વિભૂષણ મેળવનારા મહાનુભાવોમાં રાજકીય નેતા શરદ પવાર, બીજેપીના વરિષ્ઠ નેતા મુરલી મનોહર જોશી, ગાયક યેસુદાસ, આધાત્મિક નેતા એસ.જે વાસુદેવ, વિજ્ઞાન-પર્યાવરણ માટે ઉદિપી રામચંદ્ર રાવના નામની જાહેરાત

(અનુસંધાન ૭મે પાને)

ગેરન્ટેડ ગિફ્ટની કૂપન માટે જુઓ પાના નં. ૧૧

### ગુજરાતના કયા મહાનુભાવોને પદ્મ ઈલકાબ એનાયત થશે?




આધ્યાત્મિક-સામાજિક ક્ષેત્રે વિશેષ યોગદાન બદલ રત્ન સુંદર મહારાજને પદ્મભૂષણ એનાયત થશે. ગુજરાતના જાણીતા ગાયક પુરુષોત્તમ ઉપાધ્યાયને આર્ટ-સંગીત ક્ષેત્ર માટે પદ્મશ્રી અપાશે. સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે વી.જી. પટેલ અને વિષ્ણુ પંડ્યા, મેડિકલ ક્ષેત્રે ડો. સુબ્રતો દાસ અને ડો. દેવેન્દ્ર ડી. પટેલ અને એગ્રીકલ્ચર ક્ષેત્રે ગેનાભાઈ પટેલને પદ્મશ્રી આપવાની જાહેરાત થઈ છે.

### પાંચ મહાનુભાવોને મરણોત્તર પદ્મ પુરસ્કારો : ભારતીય મૂળના તેમ જ વિદેશી નાગરિકોને પાંચ પદ્મ એવોર્ડ્સ અપાશે